હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમને કહ્યુ એટલે ગોળ પર જીએસટી ઘટાડ્યો... હવે એ લોકો કોણીએ ગોળ વધુ લગાડશે કે નહી એ અમને ખબર નથી...!!

પ્રાંતિયા પાસે ટ્રકનું ટાયર ફરી વળતા મહિલાનો પગ કાપવો પડ્યો

ગાંધીનગર,તા.૧૯

ચિલોડા પાસે પ્રાંતિયા ગામના સર્વિસ માર્ગ પર સવારના સમયે ટ્રક ડ્રાઈવરે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ચાલતા જતા મહિલાને ટકકર મારી હતી. મહિલા નીચે પડી જતા તેણીના પગ પરથી ટ્રકના તોંતિગ પૈંડા ફરી વળ્યા હતા.જયારે મહિલાને માથાના ભાગે પણ ઈજા પહોંચી હતી.જયારે મહિલાને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા મહિલાનો જમણો પગ નળાથી નીચેના ભાગને કાંપવાની ફરજ પડી હતી. બનાવ અંગે પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પ્રાંતિયા વાસ ખાતે રહેતો મયુર ગીરીશભાઈ પરમાર માતા અને બહેન સાથે રહે છે. જયારે મયુર ડભોડા ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષ ખાતે હીરાના કારખાનામાં નોકરી કરે છે. જયારે નરોડા ખાતે ઓમ વુમન હોસ્પિટલમાં મયુરની માતા નોકરી કરે છે.

નિત્યક્રમ મુજબ સવારે આઠ વાગે પુષ્પાબેન સવારે ૮ વાગે નોકરી જવા માટે નીકળી ગયા હતા. પુષ્પાબેન ચકલાઓને સેવ નાખી રહ્યા હતા તે સમયે સાડાઆઠ વાગે પ્રાતિયા ગામથી લવારપુર જતા સર્વિસ રોડ પર ટ્રક નં. આર. જે. ૦૬. જી.સી.-૪૯૫૨ ના ચાલકે પુરઝડપે હંકારી પાછળથી પુષ્પાબેનને ટક્કર મારતા તેઓ નીચે પડી ગયા હતા.

તે સમયે ટ્રકનું પૈંડુ તેની માતાના જમણા પગ પર ફરી વળતા તે પગ કચડાઈ ગયો હતો. બનાવ અંગે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી જતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. ગાંધીનગર પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે મયુર તેની માતાને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો.જયાં જમણા પગે ગંભીર ઈજાને પગલે નળાથી નીચેનો પગ કાંપી ઓપરેશન કર્યું હતું.

જયારે હાલ તેની માતા સારવાર હેઠળ છે. જયારે બનાવ અંગે યુવકે પોલીસ મથકે ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કોબા પાસે હોન્ડાસીટી કાર બળીને ખાક

ગાંધીનગર નજીક કોબા પાસે ગઈરાત્રીએ માર્ગ પરથી પસાર થતી હોન્ડા સીટી કાર નં.જી.જે.૦૧.એચ.એન.-૬૦૦૬ માં આગ ભભુકી ઉઠી હતી. જેથી કારમાં સવાર પરિવારના સભ્યો સમય સુચકતાને પગલે બહાર નીકળી ગયા હતા.ત્યારે ગણતરીની સમયમાં જ આગની જવાળાઓમાં કાર લપેટાઈ જતા થોડા સમયમાં બળીને ખાક થઈ ગઈ હતી. જયારે સળગી રહેલી કારને પગલે કોબા પાસે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે બનાવની જાણ ફાયર બિગ્રેડને થતા તાત્કાલીક સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ કાબુમાં કરી લીધી હતી.જયારે આગ કાબુમાં આવતા અન્ય વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે કારમાં આગ કયાં કારણોસર લાગી તે જાણી શકાયુ નથી. પરંતુ શોર્ટ સર્કિટને પગલે કારમાં આગ ભભુકી ઉઠી હોય તેવું પ્રાથમિક અનુમાન છે.

દંતાલી ગામે જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના દંતાલી ગામે તુલશીભાઈ નંદુભાઈ દંતાણીના ઘરની પાછળ વખડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓ રૂ.૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે દંતાલી ગામ આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે નંદુભાઈ દંતાણીના ઘરની પાછળના ભાગે વખડાના ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડીને કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ત્રણ જુગારીઓને પકડી પાડ્યા હતા. જો કે પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી.

જેથી પોલીસે જુગારીઓના નામ પુછતા દંતાલી ગામ ટાંકીવાળો વાસ ખાતે રહેતા મહેશજી ભીખાજી ઠાકોર (ઉં.૩૭), તુલશીભાઈ નંદુભાઈ દંતાણી અને અશોકભાઈ શીવાભાઈ દંતાણી (દંતાણી વાસ દંતાલી ગામ) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓના દાવ પરથી રૂ.૨૩૦૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૮,૧૨૦ મળી કુલ રૂ.૧૦,૪૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મહેન્દ્રકાકા સોડાવાળાએ ૫ હજાર નગરજનોને ફ્રી સોડા પીવડાવી

શહેરના ઘ-૨ કોર્નર ખાતે મહેન્દ્રકાકા સોડાવાળા તરફથી શિવરાત્રીના દિવસે ૫ હજાર સોડા-લીંબુ શરબતનું સાંજે ૫ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરીજનોએ મોટીસંખ્યામાં લીંબુ શરબતનો લાભ લીધો હતો. જયારે શિવરાત્રીના દિવસે થયેલી કમાણી પણ તેઓ માણસા પાસે ઈટલા ગામે ગોગા મહારાજના મંદિર ખાતે દાન કરે છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં શિવરાત્રિના મેળા પછી આજે રજાનો માહોલ જનજીવન પર પણ છવાયેલો જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પ્રકોપ વધુ જોવા મળ્યો હતો બીજી તરફ ક્રિકેટ રસિકોએ મેચની મજા ઘરમાં બેસીને માણી હતી.
- દહેગામમાં હાટકેશ્વર મંદિર તેમજ પ્રાચીન નીલકંઠેશ્વર મહાદેવ ખાતે શિવરાત્રિની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.
- કલોલમાં એક મકાનમાં તસ્કરોએ હાથફેરો કરતાં સાંતેજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.
- મનપા સ્થાયી સમિતિના ચેરમેન ગઈકાલે એક કાર્યક્રમમાં હાજરી આપવા ગાંધીનગર આવી રહ્યા હતા ત્યારે કોબા સર્કલ નજીક એક ગાડીમાં આગ લાગતાં તરત જ ઉભા રહી ફાયરબ્રિગેડ બોલાવી નગરસેવક તરીકેની ફરજ બજાવી હતી.
- ગાંધીનગર સે. ૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે ૨૧મી ફેબ્રુઆરીના રોજ માતાજીના ૧૪૫મા જન્મદિન નિમિત્તે પ્રાર્થના, ધ્યાન અને વાંચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.
- શહેર પેન્શનર સમાજ દ્વારા આજે ૭૫ વર્ષ પૂર્ણ કરનારા વડીલોની સન્માન અને વયવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની બજેટ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.
- ગાંધીનગર તાલુકાના લવારપુર ગ્રામ પંચાયતનુ બજેટ ના મંદૂર થતાં હવે ૩૧મી માર્ચ સુધીમાં પુનઃ બેઠક બોલાવી મંજૂર કરાવાવનું રહેશે.
- સરઢવમાં આજે મંગલ મિલન પરિવારના ૫૦ વર્ષ તેમજ મંગલ મિલન પરિવાર ટ્રસ્ટના ૨૫ વર્ષ અને ટ્રસ્ટ સંચાલિત નચિકેત નિવાસી હોસ્ટેલના દશાબ્દી મહોત્સવની ઉજવણી કરાઈ હતી.
- ગાંધીનગર અમદાવાદ અને ગાંધીનગરથી ઉપડતી અન્ય બસો અનિયમિત બની હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર જિલ્લામાં દાંતનો સડો ધરાવતા ૭૩૯૬ બાળકો શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન મળી આવ્યા છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં દબાણની સમસ્યા વિકરાળ બનીને ઉભરી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં વીજચોરી કરનારાઓ સામે તંત્રએ લાલ આંખ કરી પાંચ લાખનો દંડ ફટકાર્યો છે.

એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર.તા.૧૯

તાજેતરમાં યોજાયેલ દ્વિતીય સત્રની પરીક્ષાની ઉત્તરવહીઓ બતાવવાના ભાગરૂપે એમ. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં વાલી સંમેલન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સંમેલન માં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ-વાલીઓએ ભાગ લઈને વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સામાજિક, સાંવેગિક અને શાળા સમય સિવાયની મૂંઝવણો ઉપર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તથા શાળામાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઈઝર મોનિકા બીજલાની, સુપર્ણા મુખર્જી તથા યોગેન્દ્ર ચૌહાણ અને માધ્યમિક વિભાગ માંથી કુમુદીની કોલ્હે, ઉ. મા. વિભાગ ના આર્ટસ- કોમર્સ માંથી શિલ્પા તન્ના, ડો. વર્ષા પારેખ તથા વિજ્ઞાન પ્રવાહમાંથી લીના પરિખે વિદ્યાર્થીઓ અને વાલીઓને કાઉન્સિલિંગ કરીને શૈક્ષણિક પરિણામોમાં ગુણાત્મક સુધારણા ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચન એ વિદ્યાર્થીઓના માત્ર શૈક્ષણિક દેખાવ નહીં પરંતુ સર્વાંગી વિકાસ માટે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ સામાજિક કાર્યમાં જોડાય એ માટે અહાલેક જગાવી હતી.

ઉનાળાનો સીધો અને આકરો તડકો તથા ગરમ લૂ ને ઘરમાં આવતી અટકાવવાનો શ્રેષ્ઠ ઉપાય ખસની ટટ્ટીઓ છે. આ ખસની ટટ્ટીઓ પર ઠંડુ પાણી નાંખી દો તો ઉનાળામાં તે એસી જેવી ઠંડક આપે છે. ઉનાળો હજુ શરૂ થયો છે ત્યાં ખસની ટટ્ટી બનાવતા કારીગરોએ શહેરમાં અડીંગો જમાવી દીધો છે. ઉનાળાની માંગને પહોંચી વળવા કારીગરો આખો દિવસ ખસની ટટ્ટી બનાવવામાં જોતરાય છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દેશી દારૂ પકડતા ત્રણ પોલીસ કર્મચારી સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખોરજાપરામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી. ખોરજાપરામાં ટીમે સપાટો બોલાવતા ૨૦૦૦ હજારથી વધુ દેશી દારૂ, ૭૬૦૦ લીટર વોશ, અને ૩૦૦૦ હજાર કિલો અખાદ્ય ગોળ ઝડપી પાડ્યો હતો.

જયારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા એક વ્યકિતની પકડી પાડી આગળની તપાસ હાથ ધરી હતી. જયારે ખોરજાપરામાં પકડાયેલા દેશી દારૂના પડઘા કલોલ તાલુકા પોલીસ મથકે પડ્યા છે.આ દેશી દારૂ કાંડમાં પીઆઈ, પીએસઆઈ અને એએસઆઈને રેન્જ આઈજીપી દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવતા હલચલ મચી જવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ તાલુકામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી હતી. દેશી દારૂની ભઠ્ઠીઓને પગલે સ્થાનિક પોલીસ કામગીરી પર શંકા સેવાઈ રહી હતી.

જે બાબતની નોંધ આઈજીપી દ્વારા લેવામાં આવી હતી. કલોલ તાલુકા પોલીસ મથકના કર્મચારીઓ ગેરકાયદેસર કામને રોકવામાં નિષ્ફળ નીવડ્યા હતા.

ત્યારે ગાંધીનગર રેન્જ આઈજીપી દ્વારા ગંભીર નોંધ લેવામાં આવતા કલોલ તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.આર.પટેલ, પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.ડી.ગામીત, અને એએસઆઈ વિજયસિંહ યાદવને સસ્પેન્ડ કરી દેવામાં આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

લાયન્સ કલબ ફોર્ટ પરિવાર તરફથી સેક્ટર ૧૬ રંગમંચમા મહાશિવરાત્રી મહાપર્વની ઉજવણી લાભશંકર જોષીના પ્રમુખ સ્થાને કરવામાં આવી હતી. જેમાં ચાર પ્રહરની શિવપુજામા ૬૫૦ થી ૭૦૦ કુટુંબ જોડાયા હતા. સેક્ટર ૬ વસાહત મંડળના પ્રમુખ અને લાયન્સ શ્રી ચંદ્રકાંત સોની હાજર રહ્યા હતા.

સાલુજીના મુવાડા ગામે વિજપોલ માટે ખાડા ખોદતા યુવકને પાઈપ મારી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ડભોડા નજીક સાલુજીના મુવાડા ગામે વિજપોલ માટે ખાડા ખોદવાનું કામ કરતા યુવકને પાઈપ મારી હતી. ગામના જ ઈસમે અહી કેમ ખાડા કરો છો? કહી હાથના ભાગે પાઈપ મારતા યુવકને ઈજા પહોંચી હતી.જયારે ઈસમે જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના જીવાજીની મુવાડી હરસોલી ખાતે રહેતા સાહેબસિંહ બેચરસિંહ ચૌહાણ ખેતી કામ કરે છે. ત્યારે ગતરોજ સાંજના ચાર વાગ્યાના અરસામાં હિંમતસિંહ અભેસિંહ પરમારના ઘરે લાઈટના વિજપોલની લાઈન નાંખવાની હોવાથી ખાડા ખોદવાની કામગીરી ચાલતી હતી. તે સમયે એક ઈશમ તેના હાથમાં પાઈપ લઈને આવ્યો હતો અને કંઈ પણ કહ્યા વિના સીધી જ પાઈપ ફટકારી હતી. જેથી હાથના કાંડા પાસે ઈજા પહોંચી હતી. અહી કેમ પુછ્યા વિના ખાડા કરો છો તેમ કહી મારામારી કરતા હિંમતસિંહ અને અન્ય વ્યકિતઓ દોડી આવ્યા હતા અને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ત્યારબાદ પણ તે શખ્સ અહીથી જતા રહો નહીતર જાનથી મારી નાંખીશ ધમકી આપતા સાલુજીના મુવાડાના મહેન્દ્રસિંહ દશરથસિંહ પરમાર સામે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉંઁ કારેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી ના પાવન પર્વ માં મોટી સંખ્યામાં ભક્તો એ મહાદેવ માં દર્શન નો લાભ લીધો હતો.

ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક ચિલોડા ખાતે નાણાંકીય સાક્ષરતા જાગૃતતા સેમિનાર

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લિ. ખાતે રિઝર્વ બેંકના તા. ૧૩ થી ૧૭ ફેબ્રુઆરીના રોજ એફ.એલ.ડબલ્યુ. પ્રોગ્રામ અંતર્ગત નાણાંકીય સાક્ષરતા, જાગૃતતા અને ધિરાણ પરામર્શ અંગે ખેડૂતો સાથે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ.બી.આઈ. લીડ બેંક ડિપાર્ટમેન્ટના પ્રાયોજક રમેશભાઈ જી. પરમારે ગ્રાહકો અને ખેડૂતોને સરકારની કલ્યાણકારી સહાય યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, ધિરાણ-લોન યોજના, વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય યોજના, ખેડૂતોને આર્થિક સહાય, બચતનું મહત્વ, ડીજીટલ નેટ બેંકીંગ સેવા, ડીજીટલ વ્યવહારો, ઓનલાઈન-મોબાઈલ બેંકિંગ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ અંગે, ડિઝિટલ પેમેન્ટ વગેરેની વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં બેંકના પ્રબંધક રાહુલભાઈ પટેલ, મંડળીના મંત્રી, ગામના પ્રગતિશીલ ખેડૂતો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

છાલા ગામનું ગૌરવ

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના છાલા ગામના વતની પટેલ રાજેન્દ્રકુમારના બંને બાળકોએ નેશનલ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મેળવી ગામનું અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. પટેલ રાજેન્દ્રકુમારની દીકરી સલોની ગાંધીનગર કડી કોલેજના બીજા વર્ષમાં કોમર્સ સાથે અભ્યાસ કરે છે. તેને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. જ્યારે તેમનો પુત્ર હરમીત ગાંધીનગર ગુરુકુળ સેક્ટર-૨ ૩માં અભ્યાસ કરે છે. તેને ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. બંને બાળકોએ નેશનલ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં ઝળહળતી સિદ્ધિ મેળવવા બદલ અભિનંદનને પાત્ર બન્યા છે.

ચિલોડા ગામના ચોકમાં શ્રી મહાકાળી મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે ઉજવાશે

શોભાયાત્રા, હવન-યજ્ઞ અને ફુલારા ગરબાનું ભવ્ય આયોજન

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામના ચોકમાં શ્રી બળિયાદેવ મહારાજ, શ્રી મહાકાળી માતાય યુવક મંડળ તથા સમસ્ત ગ્રામજનો આયોજિત શ્રી મહાકાળી માતાજીના મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં અવ્યુ છે. આ પ્રસંગે ૨૦-૨-૨૦૨૩ના રોજ ભવ્ય શોભાયાત્રા, તા. ૨૧-૨૨ બે દિવસ ગવન-યજ્ઞ તથા ૨૪-૨-૨૦૨૩ના રોજ દર વર્ષે ઉજવાતા ફુલારા ગરબા મહોત્સવનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે. ગામના વિશાળ ચોકમાં શ્રી મહાકાળી માતાજીનું ભવ્ય મંદિર તથા હવન-યજ્ઞ માટે ભવ્ય શણગાર સાથે અદ્યતન ડોમ, યજ્ઞમાં પાટલાના યજમાનો માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરનો ચોકથી ગામના પ્રવેશદ્વાર સુધી તોરણોથી ગામ શણગારવામાં આવ્યું છે.